કોતરવાડા ગામ પાસે માઈનોર કેનાલમાં ૩૫ ફૂટનું ગાબડું

સરહદી પંથકમાં બનાવેલી નર્મદા કેનાલોમાં અધિકારીઓની અને એન્જિનિયર સાથે મળી કોન્ટ્રાકટરોએ મોટાપાયે ભ્રષ્ટાચાર આચર્યા હોવાનું વારંવાર કિનારો તૂટયા બહાર આવવા પામ્યું છે. મોંઘા ભાવના બિયારો લાવી વાવેતર કરતાં ખેડૂતોના પાકો પર પર નર્મદા કેનાલ તૂટતા અને તે પાણી ઉભા પાકો ઉપર ફરી વળતા ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન થઈ રહ્યું છે. તેમ છતાં રાજય સરકાર કોન્ટ્રાકટરો વિરુદ્ધ કોઈ પગલાં ન ભરતાં ખેડૂતોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. ત્યારે આજે દિયોદર તાલુકાના કોતરવાડા ગામ પાસેથી પસાર થઈ માઈનોર કેનાલમાં વહેલી સવારે કેનાલ તુટતા ૩૫ ફૂટનું ગાબડું પડતાં કેનાલનું પાણી આજુ-બાજુના ખેતરોમાં ઉભા પાક ઉપર ફરી વળતા ખેડતોની જમીન ધોવાણ થતાં ખેડૂતોની હાલત સુડી વચ્ચે સોપારી જેવી થવા પામી છે. ખેડૂતોએ એ તંત્ર સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે. જેને લઈને રાજય સરકાર ગંભીરતા દાખવે તેવી માંગ ઊઠી છે. બીજી તરફ દિયોદર તાલુકામાં કોન્ટ્રાક્ટરો દ્વારા બનાવેલી કેનાલોમાં ગેટમેન તરીકે કોન્ટ્રાક્ટરના માણસો ગોઠવાય છે. જે ગેટમેન કેનાલોમાં ખેડૂતો સુધી પાણી મળે તે મુજબ પાણી છોડતા હોય છે. પરંતુ એસ્ટીમેટ મુજબ કેનાલની પહોળાઈ ઓછી હોવાથી કેનાલમાં ગાબડાં પડતા કોન્ટ્રાક્ટરો દ્વારા મોટાપાયે ભ્રષ્ટાચાર આચર્યા હોવાનું બહાર આવી રહ્યું છે. કહેવત છે કે 'માર ખાય માકડુ ને માલ ખાય મદારી' જેવો ઘાટ ખેડૂતોનો બની રહ્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

ઇન્દીરાનગરમાંથી ત્રણ બાળકોનું અપહરણ કરાતા એક વિરૂધ્ધ ફરિયાદ

ખેડબ્રહ્માના ઈન્દીરાનગરમાં રહેતા ત્રણ બાળકોના અજાણ્યો ઈસમ બુધવારે અગમ્ય કારણોસર અપહરણ કરી જતા તે અંગે બાળકના વાલીએ ગુરૂવારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગેની વિગત એવી છે કે ઈન્દીરાનગરમાં રહેતા સીમરતભાઈ ઉમરાભાઈ સલાટના દીકરો રોહિત (ઉ.વ.૧૦) તથા શ્રવણભાઈ સોમાભાઈ સલાટનો પુત્ર સુરજ (ઉ.વ.૯) તથા ચેતનભાઈ ઉમાભાઈ સલાટના પુત્ર અક્ષય (ઉ.વ.૧૦) નું અગમ્ય કારણોસર અજાણ્યો શખ્સ અપહરણ કરીને લઈ ગયો હતો. જે અંગે બાળકોના વાલીઓએ તપાસ કરવા છતાં કોઈ પત્તો મળ્યો ન હતો.

દેધરોટા-હિંમતનગર માર્ગ પર ટ્રેકટર પલટી જતા એકનું મોત : એકને ઇજા

હિંમતનગર તાલુકાના દેધરોટા-હિંમતનગર માર્ગ પરથી ગુરૂવારે મોડી સાંજના એક ટ્રેકટર પલટી ખાઈ જતા એક વ્યકિતનું ગંભીર ઈજાઓને પગલે મોત થયુ હતું. જયારે અકસ્માતની આ ઘટનામાં અન્ય એક વ્યકિતને પણ નાની-મોટી ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયો હતો. હિંમતનગર ગ્રામ્ય પોલીસે ટ્રેકટર ચાલક વિરૂધ્ધ ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે. સાયબાપુરના રહીશ જગદીશભાઈ ગાંડાભાઈ રાવળ ગુરૂવારે મોડી સાંજના પોતાના કબજાનું ટ્રેકટર નં.જીજે.૨.એસી.૧૨૬૪ હંકારી દેધરોટાથી હિંમતનગરના માર્ગે આવી રહ્યા હતા. પુરઝડપે અને ગફલત ભરી રીતે ટ્રેકટર હંકારી આવતા ચાલકે ટ્રેકટર સાઈડમાં કરવા જતા પલટી ખાઈ ગયુ હતું. જેના કારણે ટ્રેકટરમાં બેઠેલા મજીદભાઈ નિજામભાઈ ઓડ (રહે.દેધરોટા છાપરી) ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજયુ હતું.

આજે હિંમતનગરમાં નાણાંકીય સાક્ષરતા કેમ્પ યોજાશે

ભારત સરકારના વિત્ત મંત્રાલય નાણાંકીય સેવા વિભાગ દ્વારા નાણાંકીય સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત તા.૧૯ ડિસેમ્બરને શનિવારે હિંમતનગરના કાંકરોલ રોડ પર આવેલ સ્વામીનારાયણ મંદિર ખાતે નાણાંકીય સાક્ષરતા કેમ્પનું આયોજન કરાયુ છે. જેમાં ભારત સરકારના વિત્ત મંત્રાલયના સચિવ અંજુલી છિબ દુગ્ગલ, દેનાબેંકના ચેરમેન અશ્વનીકુમાર તથા કલેકટર પી.સ્વરૂપ ઉપસ્થિત રહેશે એમ એક યાદીમાં દેનાબેંકના અંચલ પ્રબંધક ચિત્રા કીર્તિવાસન અને વિક્રમાદિત્યસિંહ ખિંચીએ જણાવ્યુ છે. આ કેમ્પમાં સાબરકાંઠા-અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાના મળી એક હજારથી વધુ લોકો ઉપસ્થિત રહેશે.

ભિલોડાની મઉં હાઈસ્કુલમાં નાણાંકીય સાક્ષરતા કોર્ષનો કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મઉં માતૃશ્રી એચ. જે. બારોટ હાઈસ્કુલ અને ભિલોડા દેના બેંક શાખાના સંયુક્ત ઉપક્રમે નાણાંકીય સાક્ષરતા કોર્ષનો કાર્યક્રમ યોજાયો. વર્તમાન યુગમાં બેંકીંગ ક્ષેત્રોમાં સૌને અધિક સ્પર્શતી બાબતો વિશે વિદ્યાર્થીઓને મેનેજર કે. કે. બહેરા, દેના બેંક શાખા, ભિલોડા સહિત સ્ટાફ પરીવારે વિદ્યાર્થીઓને ખુબ જ રસપુર્વક માહિતગાર કર્યા હતા. જનધન યોજના, વિમા યોજના, પેન્શન યોજના સહિત બેંક વિશેની તમામ માહિતીથી વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. આ પ્રસંગે મઉં માતૃશ્રી એચ. જે. બારોટ હાઈસ્કુલ આચાર્ય,સ્ટાફ પરીવાર, મેનેજર દેના બેંક શાખા, ભિલોડા,સબ સ્ટાફ હરેશભાઈ નટવરલાલ ચૌહાણ, દેના બેંક, ભિલોડા શાખાનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વાઘેશ્વરી ગ્રૃપ માધ્યમિક શાળામાં દેના બેંક ધ્વારા ફાઈનાન્શીયલ લીટરેસીનો પ્રોગ્રામ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શ્રી વાઘેશ્વરી ગ્રૃપ માધ્યમિક શાળામાં ફાઈનાન્શીયલ લીટરેસીનો પ્રોગ્રામ યોજાયો હતો. ભિલોડા દેના બેંક મેનેજર કે. કે. બહેરા, સબ સ્ટાફ હરેશભાઈ નટવરલાલ ચૌહાણ સહિત સ્ટાફ પરીવારે સેમીનારમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને બેંક સંદર્ભેની માહિતી આપી,વિડીયો બતાવી વિદ્યાર્થીઓના ટેસ્ટ પણ લેવાયા હતા. પ્રથમ તબીયાડ રીધ્ધીબેન અશોકભાઈને ઈનામ આપી પ્રોત્સાહીત કર્યા હતા. શ્રી વાઘેશ્વરી ગ્રૃપ માધ્યમિક શાળા આચાર્ય, સ્ટાફ પરીવાર, દેના બેંક ભિલોડા શાખા સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા તાલુકાની મલેકપુર પ્રાથમિક શાળાનું ગૌરવ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની મલેકપુર પ્રાથમીક શાળાનું ગૌરવ વધારેલ છે. મલેકપુર પ્રાથમીક શાળાના આચાર્યએ જણાવ્યું હતું કે જી. સી. ઈ. આર. ટી., ગાંધીનગર પ્રેરીત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઈડર આયોજીત અરવલ્લી જીલ્લા કક્ષાના રમતોત્સવ કાર્યક્રમમાં મલેકપુર પ્રાથમીક શાળાની વિદ્યાર્થી બહેનોએ ખો-ખોની સ્પર્ધામાં પ્રથમ સ્થાન, વિદ્યાર્થી ભાઈઓની ટીમ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી મલેકપુર પ્રાથમીક શાળાનું વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.

મેઘરજ મુસ્લિમ સમાજ દ્વારા મૌન રેલી યોજી મામલતદારને આવેદનપત્ર અપાયું

મોડાસા, તા. ૧૯

ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહંમદ પયગંબર વિરુદ્ધ લખનૌ સ્થિત હિંદુ મહાસભાના અધ્યક્ષ કમલેશ તિવારીએ આખી કાયેનાતના અને ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહંમદ પયગંબર વિરુદ્ધ કરેલ ઉચ્ચારણો બદલ લાગણી દુભાયેલ મેઘરજના સમગ્ર મુસ્લિમ સમુદાયે ભેગા મળી મેઘરજ શહેરની જુમ્મા મસ્જિદથી લઈ મામલતદાર કચેરી સુધી મૌન રેલી કાઢી મામલતદારને આવેદન પત્ર આપ્યું હતું. આ રેલીમાં મેઘરજના અને આજુબાજુ ગામોના મુસ્લિમ સમુદાયના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

હિંદુ મહાસભાના અધ્યક્ષ કમલેશ તિવારીએ મુસ્લિમ ધર્મના સ્થાપક મહંમદ પયગંબર વિરુદ્ધ ટિપ્પણી કરતાં સમગ્ર મેઘરજ નગર અને તાલુકાના મુસ્લિમ સમાજના બિરાદરોમાં ઉગ્ર લાગણી દુભાઈ હતી. આ અંગે મુસ્લિમ સમાજે મેઘરજનગરની જુમ્મા મસ્જિદથી એકત્રિત થઈ હજારોની સંખ્યામાં એક મૌન રેલી કાઢી મેઘરજ જૂના બસ સ્ટેશન થઈ મેઘરજના મુખ્ય માર્ગ ઉપરથી પસાર થઈ મેઘરજ મામલતદાર આર.કે. ઓઝાને આવેદનપત્ર આપ્યું હતું અને અભદ્ર ટિપ્પણીનો વિરોધ દર્શાવ્યો હતો અને આવેદનપત્રમાં જણાવ્યું હતું કે કમલેશ તિવારી સામે હિંદુ-મુસ્લિમ કોમો વચ્ચે વૈમનસ્ય ફેલાવવા લોકોને ઉપસાવવા અને દેશની એકતા અને અખંડતા વિરુદ્ધ સાજિશ કરવા તેમજ તેમની સામે પોલીસ ફરિયાદ કરવામાં આવે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા આવેદનપત્રમાં અનુરોધ કર્યો હતો અને મેઘરજના મુસ્લિમ સમાજને આવેદનપત્રની રજુઆત ઉચ્ચ કક્ષા સુધી પહોંચાડવા તાકિક કરી હતી.

આજે મેઘરજ નગરમાં મુસ્લિમ સમાજ દ્વારા નીકળેલી મૌન રેલીમાં નગરના યુવાનો અને વૃદ્ધો સહિત હજારો લોકો જોડાઈને એકતાના દર્શન કરાવ્યા હતા અને આ રેલીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મેઘરજ પોલીસે કડક બંદોબસ્ત પુરો પાડ્યો હતો.

પાલનપુરમાં 'દિલવાલે' ફિલ્મ સામે હિંદુ સંગઠનોએ વિરોધ વ્યક્ત કર્યો

પાલનપુર, તા. ૧૯

શાહરૂખખાન અભિનિત ફિલ્મનો દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે. ત્યારે પાલનપુર ખાતે પણ હિંદુ સંગઠનો દ્વારા સુરમંદિર થિયેટરમાં ચાલતી 'દિલવાલે' ફિલ્મ સામે વિરોધ પ્રદર્શિત કરાયો હતો. જેને પગલે થિયેટરમાં સંચાલકો દ્વારા ફિલ્મનો ચાલુ શો રદ કરી દેવાયો હતો.

અસહિષ્ણુતાના મામલે બેજવાબદારીભર્યું નિવેદન કરનાર ફિલ્મ અભિનેતા શાહરુખખાનનો ચોમેરથી વિરોધ થઈ રહ્યો છે. ત્યારે ગતરોજ રિલીઝ થયેલી તેની ફિલ્મ 'દિલવાલે' હિંદુ સંગઠનોના રોષનો ભોગ બની છે. પાલનપુર ખાતે ગતરોજ ચીમકી આપ્યા બાદ પણ આજે સુરમંદિર થિયેટરમાં 'દિલવાલે' ફિલ્મ ચાલુ રહેતા હિંદુ સંગઠનો ભડક્યા હતા. દરમિયાન, હિંદુ સેનાના કાર્યકરોએ આવી ફિલ્મના પોસ્ટરોની હોળી કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. હિંદુ સંગઠનોના રોષને પારખી જઈ થિયેટર સંચાલકને ચાલુ શો રદ કરવાની ફરજ પડી હતી અને પ્રેક્ષકોને ટિકિટના નાણાં રિફંડ આપવા પડ્યા હતા. જો કે, દિલવાલે ફિલ્મ પ્રદર્શિત કરવા સામે હિંદુ સંગઠનોએ તોડફોડ કરવાની ચિમકી આપતા ચકચાર મચી જવા પામી હતી.

પોલો ગ્રાઉન્ડમાં આવેલ જુગારધામ પર દરોડો : પાંચની અટકાયત

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગરમાં પોલોગ્રાઉન્ડ વિસ્તારની ઈરાની સ્ટ્રીટમાં ચાલતા જુગારધામ પર ગાંધીનગરના આર.આર.સેલની ટીમએ ગુરૂવારે મોડી સાંજના છાપો મારી પાંચ જુગારીયાને ઝડપી લીધા છે. ટીમએ ઈરાની સ્ટ્રીટના એક મકાનમાંથી જુગાર સાહિત્ય, રોકડ રૂા.૮૭૮૦, ૧૦ મોબાઈલ ફોન અને ૫ નંગ કેલ્કયુલેટર સહિત રૂા.૧૩૮૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગાંધીનગર આર.આર.સેલને મળેલી બાતમી આધારે સેલના પોલીસ સબ ઈન્સપેક્ટર વિરલ પટેલે ગુરૂવારે મોડી સાંજના હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલી ઈરાની સ્ટ્રીટમાં રહેતા અલાઉદ્દીન ઉર્ફે ગટુભાઈ જફરભાઈ મિરઝાના મકાન પર ટીમ સાથે છાપો માર્યો હતો. આ શખ્સ પોતાના રહેણાંકના મકાનમાં આવતા લોકોને નોકર તરીકે રાખી ગેરકાયદેસર રીતે વરલી મટકાના હાર-જીતનો જુગાર રમાડતો હતો. પોલીસે કરેલી રેડ દરમિયાન મકાનમાંથી જુગાર સાહિત્ય, રોકડ રકમ રૂા.૮૭૮૦, ૧૦ નંગ મોબાઈલ ફોન રૂા.૪૮૦૦ની કિંમતના તેમજ ૫ નંગ કેલ્કયુલેટર રૂા.૨૫૦ ના મળી કુલ રૂા.૧૩૮૩૦ નો મુદ્દામાલ કબજે લઈ પાંચેય જુગારીયાઓને ઝડપી લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મકાનમાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર રીતે વરલી મટકાના આંક ફરકનો પૈસાની હાર-જીતનો જુગાર રમાડતો હતો. તેમજ મોબાઈલ ફોન ઉપર સંપર્કમાં રહેતા શખ્સો વરલી મટકા જુગારની કપાત મેળવી, વરલી મટકાનો ચાર્ટ બનાવી સમગ્ર નેટવર્ક ઘણાં લાંબા સમયથી ચાલતુ હતું, તેનો આર.આર.સેલ ગાંધીનગરની ટીમએ ગુરૂવારે પર્દાફાશ કરી નાખી સ્થાનિક પોલીસની કામગીરી પર તમાચો માર્યો છે.

કયા નબીરા રેડ દરમિયાન ઝડપાયા

- અલાઉદ્દીન્ન ઉર્ફે ગટુભાઈ જફરભાઈ મિરઝા (રહે.ઈરાની સ્ટ્રીટ, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર)
- રજાકભાઈ ઈબ્રાહીમભાઈ શેખ (રહે.હાજીપુરા, હિંમતનગર)
- રાહુલકુમાર પ્રકાશકુમાર પ્રજાપતિ (રહે.દરિયાપુર, અમદાવાદ)
- વિજયભાઈ અપુભાઈ નાયર (રહે.ધાણધા, હિંમતનગર)
- નરપતસિંહ બસેસિંહ પવાર (રહે.દેવચંદનગર, હિંમતનગર)

મોડાસામાં પાલિકા દ્વારા વસુલાત ઝૂંબેશ હાથ ધરાઈ : ૨૩૦૦ બાકીદારને નોટીસ

મોડાસા, તા. ૧૯

મોડાસા નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો ઉપર વસુલાતો મિલકત સહિતનો અન્ય બાકી ટેક્સ વસુલવા ઝુંબેશ હાથ ધરાઈ છે. ટેક્સ વિભાગ દ્વારા હાથ ધરાયેલ વિશેષ ઝુંબેશના ભાગરુપે ૨૩૦૦ બાકીદારોને આખરી નોટીસ ફટાકરવામાં આવી છે. જેમાં કેટલીય સરકારી ઓફીસો અને ક્વાટ્ર્સનો પણ સમાવેશ થાય છે.

નગરપાલિકા દ્વારા પૂરી પડાતી પાણી વીજળી સફાઈ સહિત રોડ સુવિધા હેઠળ તંત્ર દ્વારા હદ વિસ્તારમાં મિલકત ધારકો પાસેથી આકારણીના ધોરણે ટેક્સ વસુલાતો હોય છે. મોડાસા નગરપાલિકા વિસ્તારમાં ૧૭હજાર મિલકત ધારકો પાસેથી ૩ કરોડ અને ૪૫ લાખ જેટલો વેરો વસુલવામાં આવતો હોય છે. વર્ષે આખરે કરદાતાઓને આપતા માંગણા બીલ છતાં મુદતે વીતે ટેક્સ નહીં ભરનાર બાકીદારો સામે પાલિકા તંત્રએ વસુલાત ઝુંબેશ હાથ ધરી ૨૩૦૦ બાકીદારોને ખાસ આખરી નોટીસ ફટકારવામાં આવી છે અને ૭ દિવસમાં વેરો ભરવા માટે કહેવામાં આવ્યું છે ત્યાર બાદ બાકીદારો સામે કડક પગલાં ભરવામાં આવશે અને પાલિકા દ્વારા અપાતી પાણી સહિતની અન્ય સગવડો બંધ કરવામાં આવશે.

મોડાસા પાલિકા વિસ્તારમાં આવેલ કેટલીક સરકારી મિલકતો અને અન્ય મિલકતો છેલ્લા કેટલાય વર્ષોથી ટેક્સ નથી ભરતી જેની રકમ છે ૧ કરોડ ૮૯ લાખ થાય છે. જેમાં સરકારી મિલકતોની વાત કરી એ તો પોલીસ સ્ટેશન, પોલીસ ક્વાટ્ર્સ, નાયબ પોલીસ અધિક્ષક કચેરી, પોસ્ટ ઓફિસ, રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગ, આરોગ્ય વિભાગ, ખેતીવાડી કચેરી, જેવી કેટલીય સરકારી કચેરીઓ અને ક્વાટ્ર્સના વેરા છેલ્લા કેટલાય વર્ષોથી ભરવામાં આવ્યા નથી. જેથી પાલિકા આવી સરકારી મિલકતોને પણ નોટીસ આપી છે અને જિલ્લા કલેકટર દ્વારા આવા બાકીદારો સંકલનમાં મીટીંગમાં તાકીદ કરવામાં આવી છે.

છેલ્લા ૮ વર્ષથી નગરપાલિકાનો વેરો ન ભરતા ૨૦૦ જેટલા બાકીદારોના નળ કનેકશન પણ કાપવાની તંત્રએ શરુઆત કરી દીધી છે. જેમાં કરબા વિસ્તારમાં ગુજરાતી સોસાયટીમાં બે નળ કનેકશન કાપવામાં આવ્યા છે. આગામી દિવસોમાં હજુ પણ અન્ય બાકીદારોના નળ કનેકશન કાપવાની કામગીરી કરવામાં આવનાર હોવાથી બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સરકારી બાકીદારોની યાદી

૧.	ખેતીવાડી કચેરી, મોડાસા - ૭૨૧૨૯
૨.	તાલુકા પંચાયત મોડાસા - ૫૨૧૬૧
૩.	ટાઉન પોલીસ સ્ટેશન, મોડાસા - ૨૦૦૪૭
૪.	નાયબ પોલીસ અધિક્ષક કચેરી - ૩૪૧૫૫
૫.	પોસ્ટ ઓફીસ મોડાસા - ૧૭૩૭૩
૬.	માર્ગ અને મકાન વિભાગ - ૮૪૯૨૩
૭.	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મોડાસા - ૫૩૪૦
૮.	તાલુકા પંચાયત ક્વાટ્ર્સ - ૪૯૮૩૪

મોડાસાની પ્રાર્થના ગ્લોબલ શાળામાં ડાન્સ કોમ્પિટીશન યોજાશે

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની પ્રાર્થના ગ્લોબલ સ્કૂલમાં આગામી ૨૭મી ડિસેમ્બરના રોજ યોજાનાર એક ડાન્સ કોમ્પિટિશનમાં મોડાસા તથા ગુજરાતના વિવિધ શહેરોમાંથી ટેલેન્ટેડ બાળકો પોતાના કરતબ રજૂ કરનાર છે. આ ખાસ શૉમાં ઈન્ડીયા ડ્રામેબાઝની અંજલી આસ્થા મુખ્ય મહેમાન તરીકે હોઈ શૉની મહત્વતા વધારશે. મોડાસાની પ્રાર્થના ગ્લોબલ સ્કૂલમાં સ્ટાર એકેડમી તરફથી એક ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગુજરાતના વિવિધ શહેરોમાંથી ટેલેન્ટેડ બાળકો આ કાર્યક્રમમાં ભાગ લેનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને ટીવીના રૂપેરા પળદા ઉપર આપવાની પણ તક મળશે. ૨૭મી ડિસેમ્બરના રોજ બપોરે ૨ કલાકે પ્રાર્થના ગ્લોબલ સ્કૂલના હોલમાં યોજાનાર આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક પણ હાજર રહેનાર છે. કાર્યક્રમમાં ૩ થી ૪૦ વર્ષ સુધીના પ્રતિયોગીઓ ભાગ લેશે અને વધુ માહિતી માટે ૦૯૭૮૧૦૫૬૬૨૬ ઉપર સંપર્ક કરવો.